# આજે મનપાની નવ કેડરોમાં ભરતી માટે પરીક્ષા યોજાશે

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર મહાનગર પાલિકામાં નવ જેટલી વિવિધ સંવર્ગની ભરતી માટે આજે સ્પર્ધાત્મક પરીક્ષા યોજાશે.

૧૦ હજાર જેટલા પરીક્ષાર્થીઓ આ પરીક્ષા આપનાર છે. આ સ્પર્ધાત્મક પરીક્ષા ગાંધીનગર શહેરમાં ૧૦ જેટલા કેન્દ્રો પર લેવામાં આવશે.

આજે જે સંવર્ગની ભરતી થવાની છે તેમાં સેનેટરી ઈન્સ્પેક્ટર, જુનિયર ટાઉન પ્લાનર, સર્વેયર, ઈલે. ડેટા પ્રોસેસીંગ મેનેજર, સેનીટેશન સુપ્રિ., પ્લાનીંગ આસિસ્ટન્ટ, ટેક્ષ ઈન્સ્પેક્ટર, સિસ્ટમ એનાલીસ્ટની જગ્યાઓનો સમાવેશ થાય છે.

આજની જે સ્પર્ધાત્મક પરીક્ષાઓ છે તે ખાસ કરીને ટેકનીકલ બાબતોને લઈ વધુ છે. જો કે ૧૦ હજાર જેટલા અરજદારો નોંધાયા છે.

હવે ત્રીજા તબક્કાની ભરતી માટેની પરીક્ષા ૨૩ સપ્ટેમ્બરના રોજ યોજાશે. મનપા દ્વારા વિવિધ કેડરોની ભરતી માટેની સમગ્ર સ્પર્ધાત્મક પરીક્ષા સહિતની જવાબદારી જી.ટી.યુ.ને સોંપી છે.

મનપા દ્વારા આ ભરતી થતાં તેની સેવાઓનું સઘનીકરણ કરવાની દિશામાં આગળ વધવાનું સરળ બનશે. આ સ્પર્ધાત્મક પરીક્ષાઓનું પરિણામ ઓક્ટોમ્બરના અંતિમ સપ્તાહમાં અથવા નવેમ્બરના પ્રારંભમાં આવશે અને આ પછી મૌખિક ઈન્ટરવ્યુ સહિતની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.



બાપાના આગમનના એંધાણ - હવે ગણપતિ બાપાની પધરામણી થશે... વિઘ્નહર્તા ગણેશજીની જન્મજયંતિથી ઉત્સવનો આરંભ થશે... ગણપતિબાપા મોરિયાના જયઘોષ સાથે દસ-દસ દિવસ ઉજવાતા ગણેશોત્સવ માટે બાપાની મૂર્તિઓને આખરી ઓપ અપાઈ રહ્યો છે... ૨૦૦ રૂપિયાથી લઈલાખો રૂપિયાની કિંમત સુધીની મૂર્તિઓ કલાકારો નિર્માણ કરે છે... કલાકારો મૂર્તિઓને આખરી ઓપ આપી રહ્યા છે...

# શહેરમાં ગણેશોત્સવ ધામધૂમથી ઉજવાશે

**સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ સતત ૪૯ માં વર્ષે સે-૨૨ રંગમંચ ખાતે ગણેશોત્સવની ભવ્ય ઉજવણી કરશે : શ્રીજીની શોભાયાત્રા પુજા અર્ચના સાથે રાત્રિના અનેકવિધ ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે**

ગાંધીનગર તા ૮

શ્રી સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ સતત ૪૯ માં વર્ષે શહેરમાં ગણેશોત્સવની ભવ્ય ઉજવણી કરશે. નફરત અને વેરઝેરનુ વિસર્જન કરવાની ઉમદા આશય અને સમાજમાં ભક્તિ અને ભાઈચારો મજબુત કરવાની ભાવના સાથે ગણેશોત્સવમાં ધર્મ ,કલા અને સંસ્કૃતિનો અનોખો સમન્વય જોવા મળશે. ગણેશોત્સવ દરમિયાન શ્રીજીની ભક્તિ વંદના સાથે આરતી સુશોભન, મોદક સ્પર્ધા, ગીત સંગીત , ડાયરો અને બાળકોનો ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે. આગામી તા ૧૩ સપ્ટેમ્બરના રોજ સે- ૪ ડી ખાતે થી સવારે ૧૦ કલાકે શ્રીજીની મુર્તિની ભવ્ય શોભાયાત્રા નિકળશે.

શહેરમાં શ્રાવણ મહીના દરમિયાન ભોળાનાથની ભક્તિ અર્ચનામાં ભાવિકો તલ્લીન જોવા મળ્યા હતા. નગરના શિવમંદિરોમાં ભાવિકોની ભીડ ઉમટી હતી. જયારે શ્રાવણના અંતે હવે નગરમાં શિવપુત્ર વિઘ્નહર્તા ગણેશદેવની ભક્તિનો રંગ નિખરશે. સે-૨૨ સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ દ્વારા પણ સતત ૪૯ માં વર્ષે સે-૨૨ રંગમંચ ખાતે ગણેશોત્સવની ભવ્ય ઉજવણીનુ આયોજન કરવામાં આવ્યુ છે. ગણેશોત્સવ સમિતિના પ્રમુખ નિશિત વ્યાસે આ અંગે માહીતી આપતા જણાંવ્યુ હતુ કે આગામી તા ૧૩ સપ્ટેમ્બરના રોજ ગણેશોત્સવના પ્રારંભે સે- ૪ ડી ખાતે નિવાસ કરતા તુષારભાઈ દિનેશભાઈ શાહના નિવાસસ્થાનેથી શ્રીજીની મુર્તિની ભવ્ય શોભાયાત્રા નિકળશે. આ શોભાયાત્રા નાના ગ-૨ થી મોટા ઘ-૨ થઈ પથિકાશ્રમ તરફ આગળ વધશે. જયારે પથિકાશ્રમથી ઘ-૪ તરફ થઈને સે-૧૭ : ૨૨ થી પંચદેવ મંદિરના રૂટમાં આગળ વધીને સે-૨૨ રંગમંચ પહોંચશે. જયાં સમિતિના અધ્યક્ષના સહીત અન્ય હોદેદારો અને ભાવિકોની હાજરીમાં શ્રીજીની મુર્તિની પ્રાણ પ્રતિષ્ઠા અને પુજા અર્ચના તેમજ આરતી કરવામાં આવશે.

● અનુસંધાન પાન-૭ પર

# ખરીફ વાવેતર ગાંધીનગર-દહેગામમાં ઘટ્યુ

**જિલ્લામાં ખરીફ વાવેતર ૧,૩૪,૦૩૦ હેક્ટર પર પહોંચ્યુ : પાક પેટર્ન પણ વરસાદને લઈ ધીમી ગતિએ બદલાઈ**

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લામાં ખરીફ ઋતુનું વાવેતર ૧,૩૪,૦૩૦ હેક્ટર સુધી પહોંચી ગયુ છે. આ વખતે વરસાદની અનિયમિતતાને કારણે જિલ્લામાં ખેડૂતોએ ઘાસચારાના વાવેતરને વધુ અગ્રતા આપી અને ૩૯,૧૨૬ હેક્ટર વિસ્તારમાં વાવેતર કર્યું છે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ડાંગરનું ૧૧,૩૮૨ હેક્ટર, બાજરી ૨૪૦૫ હેક્ટર, તુવેર ૧૬૨ હેક્ટર, મગ ૨૫૮૩ હેક્ટર, મઠ ૧૫૬ હેક્ટર, અડદ ૭૩૪ હેક્ટર, અન્ય કઠોળ પાક ૧૩૪ હેક્ટર, મગફળી ૫૩૪૯ હેક્ટર, તલ ૬૪૨ હેક્ટર, દિવેલા ૨૨,૦૭૭ હેક્ટર, કપાસ ૨૩,૯૮૪ હેક્ટર, ગુવાર ૧૧,૭૭૪ હેક્ટર, શાકભાજીનું વાવેતર ૧૩,૫૦૨ હેક્ટરમાં વાવેતર થયું છે.

વરસાદની અનિયમિતતાને કારણે ખેડૂતોએ ખરીફ ઋતુની વાવણી બે તબક્કામાં કરી. આ વખતે જિલ્લામાં પાક પેટર્નમાં ધીમો ફેરફાર જોવા મળ્યો છે. દિવેલા, મગફળી શાકભાજીના પાકો તેમજ ગુવારનું વાવેતર વધ્યુ છે. જ્યારે ડાંગર, વરિયાળીના વાવેતર વિસ્તારમાં ઘટાડો થયો છે.

વરસાદની અનિયમિતતાને કારણે જલ્દી પાકી જતી કઠોળની વિવિધ જાતોના વાવેતરમાં પણ ક્યાંક ક્યાંક વધારો જોવા મળ્યો

● અનુસંધાન પાન-૭ પર

SHOP RENT FOR FOOD COURT
• ગુજરાતી • પરાઠા હાઉસ
• પંજાબી • રાઈસ બીર્યાની શોપ
• સાઉથ ઈન્ડિયન • લાઈવ આઈસક્રીમ
• કોન્ટીનેન્ટલ • તથા અન્ય
• ગરવી ગુજરાતી
Mo. 9558370210, 9824042101

# શ્રાવણમાં નભ નિખર્યુ પણ વરસ્યુ નહીં

**સવારથી આકાશમાં વરસાદી વાદળો ઘેરાયા ભીની માટીની મહેંક છોડી વરસાદે હાથતાળી આપી**

ગાંધીનગર તા ૮

ગાંધીનગરમાં છેલ્લા ઘણાં સમયથી રોજબરોજ મોસમનો મિજાજ બદલાયેલો જોવા મળી રહ્યો છે. આકાશમાં છવાતા વરસાદી વાદળો નિત્ય ક્રમ મુજબ વરસતા નથી. વાદળિયા માહોલ વચ્ચે વરસાદી વાતાવરણનો નઝારો નિખરે છે. પરંતુ મેઘરાજા ગાંધીનગરમાં ધોધમાર વરસાદ વરસવાનુ વિસરી ગયા છે. શ્રાવણ મહીના ના સરવરિયા પણ સમખાવા પુરતા એકાદવાર માંડ વરસ્યા છે. જયારે ભાદરવાના આગમન ટાંણે શહેરમાં આજે સવારથી જ વાતાવરણમાં નાટયાત્મક પલ્ટો જોવા મળ્યો હતો. સવારથી આકાશમાં ઘેરાયેલા વરસાદી વાદળો માટી ભીની કરી ગયા હતા. દિવસ દરમિયાન વાદળિયુ વાતાવરણ યથાવત રહ્યુ હતુ. જયારે સવારથી જ બદલાયેલા આકાશી નઝારા વચ્ચે વાતાવરણમાં બપોર દરમિયાન ઉકળવાટ પણ વર્તાયો હતો. જયારે વરસાદ છાંટણા વરસાવી અટકી જતા મેઘરાજા મનમુકીને વરસશે તેવી આશ ઠગારી નિવડી હતી. શ્રાવણ પુરો થયો છતા રોજબરોજ આકાશમાં મંડરાતા વરસાદી વાદળો વરસ્યા વિના જ વિદાય લઈ લેતા નગરજનોએ જાણે હવે વરસાદની આશ છોડી દીધી હોવાનો આક્રોશ પણ વ્યકત કરી રહ્યા છે. શ્રાવણ મહીના દરમિયાન પણ નગરમાં મેઘરાજાએ હેત વરસાવ્યુ નથી.જયારે હવે ભાદરવો ભરપુર વરસે તેવી આશ રાખવી પણ ક્યાંક નિરાશાજનક પુરવાર થાય તેમ હોવાનુ માનતા શહેરીજનો ભાદરવામાં ચૈત્ર આકાશે ચઢે તેવી ગરમી પડશે તેમ પણ માની રહ્યા છે. શહેરમાં ચોમાસાની મોસમ નિખરી પણ વરસી નથી. શહેરમાં સિઝનનો માંડ ૧૨ ઈંચ જેટલો વરસાદ થયો છે. જયારે આજે વાતાવરણ પલ્ટાના અનુભવ વચ્ચે નગરજનોએ ફરી એકવાર વરસાદી વાયરો અનુભવ્યો હતો.

ગાંધીનગરના પ્રાઈમ લોકેશન એવા
ગ-૧ ના કોર્નર પર
COMMERCIAL SPACE WITH ALL AMENITIES...
શાલીન Galleria
The next expansion for success...
દરેક ધંધા માટે અનુકુળ
JEWELRY RESTAURANT TUITION CLASS ELECTRONICS OFFICES APPARELS SUPER STORE FURNITURE
SHOPS | SHOWROOMS | OFFICES
@ PRIME LOCATION
Exceptional Possibilities for Your Corporate Success...!
NO GST
B.U. WITH READY POSSESSION
RERA NO : PR/GJ/GANDHINAGAR/GANDHINAGAR/Others/CAA00698/141117
For More Detail Please Contact : +91 97129 43500 Time: 9.00 to 7.00
Site Add. : Shalin Galleria,
Near G -1 Corner, Sangeet Circle, G Road, Gandhinagar.
DEVELOPERS
SHALIN BUILDERS

# વાયબ્રન્ટ સમીટના રંગે રંગાતુ તંત્ર ઈન્વેસ્ટમેન્ટ ફેસીલીટેશન પોર્ટલ લોંચ કરાયું

ગાંધીનગર, તા. ૮

આગામી જાન્યુઆરી માસમાં ગાંધીનગર ખાતે યોજાનાર વાયબ્રન્ટ સમીટની તૈયારીના ભાગરૂપે હવે ડિસ્ટ્રીક્ટ લેવલ ઈન્વેસ્ટમેન્ટ ફેસીલેટેશન પોર્ટલ શરૂ કરવાનો મહત્વનો નિર્ણય સરકારે કર્યો છે.

દર માસના બીજા મંગળવારે આ અંગે જિલ્લા કલેકટરના અધ્યક્ષસ્થાને આ બેઠક મળશે. રાજય સરકારે ગત ઓગષ્ટ-૨૦૧૭માં ગુજરાત સિંગલ વિન્ડો ક્લીયરન્સ એક્ટ-૨૦૧૭ ઘડ્યો છે. આ અધિનિયમનો ઉદ્દેશ્ય ઉદ્યોગોની સ્થાપના માટે જરૂરી વિવિધ પ્રકારના પરવાના ક્લીયરન્સ અને જુદી જુદી સેવાઓ ઝડપથી પુરી પાડવાનો રહેલો છે.

સિંગલ વિન્ડો એક્ટના અમલીકરણ માટે મુખ્યમંત્રી કક્ષાએ સમયાંતરે સમીક્ષા થતી હોવાનું જણાવતાં સચિવાલયના સૂત્રોએ સ્વીકાર્યું છે કે જે જિલ્લાઓમાં ઉદાસીનતા જોવા મળે છે ત્યાં સરકારે તંત્રનો કાન આમળ્યો છે.

હવે સરકારે આગામી વાયબ્રન્ટ પૂર્વે ઈન્વેસ્ટમેન્ટ ફેસીલીટેશન પોર્ટલ ઉભુ કર્યુ છે જેથી દરેક જિલ્લામાં આ પોર્ટલ પર મળતી ઓનલાઈન અરજીઓના નિકાલમાં વધુ ગતિ લાવવાનો હેતુ છે.

આઈ.એફ.પી. પોર્ટલ પર ઓનલાઈન અરજીઓ પડતર હોવાનું પણ સરકારના ધ્યાને આવતાં તેણે તમામ જિલ્લાઓને દર મહિનાના બીજા મંગળવારને આ અંગે સમીક્ષા બેઠક યોજી પોર્ટલનું અપડેશન કરવાની પણ તાકીદ કરી છે.

ઉદ્યોગ મંત્રાલયના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે કેટલાક જિલ્લાઓમાં તો આઈ.એફ.પી. પોર્ટલ પર હજુ લોગ ઈન પણ કેટલીક કચેરીઓ દ્વારા થયુ ન હોવાથી સરકારે સખ્ત નારાજગી પણ વ્યક્ત કરી છે. તેમજ જે અરજીઓ પડતર છે તેના નિકાલ માટે કડક તાકીદ કરી હોવાનું પણ આ સૂત્રોએ જણાવ્યું છે.

## જાહેર ચેતવણી

અમો નીચે સહી કરનાર એડવોકેટ શ્રી એસ.બી. રાઠોડ તે અમારા અસીલશ્રી મહેન્દ્રભાઈ શાંતિલાલ સુથાર, રહે. પ્લોટ નં. ૨૭/૨, સેક્ટર નં.૧૪, ગાંધીનગરનાની સુચના અને ફરમાઈશથી આ જાહેર ચેતવણી આપીએ છીએ કે...,

આથી જાહેર જનતાને જણાવવાનું કે, અમારા અસલીશ્રીનો દિકરો નામે અમિતકુમાર સુથાર જે અમારા અસીલશ્રીના ઘણા સમયથી કહ્યામાં નથી તેમજ જેઓ પોતાની મરજી મુજબ જીવન જીવવાવાળા હોઈ પોતાની રીતે મનસ્વી જીવન જીવી રહેલ છે. તેમજ તેઓ અમારા અસલીશ્રીના તેમજ પરિવારના કહ્યામાં નથી. જેથી અમારા અસલી તેઓને તમામ સ્થાવર તેમજ જંગમ મીલકતમાંથી ફારેગ (બેદખલ) કરેલ છે અને તેઓનો કોઈપણ જાતનો કાયદેસરનો હક્ક, હીસ્સો અમારા અસીલની સ્થાવર તેમજ જંગમ મીલકતમાં રહેશે નહી તેમજ તેઓ સાથે અમારા અસીલ તથા પરિવારના સભ્યોએ સંબંધ કાપી નાખેલ છે. તેથી કોઈપણ વ્યક્તિએ કોઈપણ સગા - સંબંધીઓએ કોઈપણ જાતનો વ્યવહાર કરવો નહી, કોઈપણ જાતની નાણાંકીય લેવડ દેવડ કરવી નહીં. અને ગુજરાત રાજ્યમાં અમારા અસલીની મીલકત ઉપર કોઈપણ પ્રકારની લોન લે, બોજો દાખલ કરવાના પ્રયત્નો કરે કે અમારા અસીલના સરનામાનો ઉપયોગ કરે જો તેમ કરશે તો તે અંગેની અમારા અસીલની કોઈપણ જાતની જવાબદારી રહેશે નહીં જે જાહેર ચેતવણી આપી જાહેર કરીએ છીએ...

તા. ૮/૯/૨૦૧૮ — અમારી મરફતે
સ્થળ : ગાંધીનગર — સહી/-
અસીલની સુચનાથી અને ફરમાઈશથી — એસ.બી. રાઠોડ
સહી/- — એડવોકેટ
મહેન્દ્રભાઈ શાંતીલાલ સુથાર — ગાંધીનગર

## ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર દ્વારા પ્રસિધ્ધ થયેલ "વર્ક આસીસટન્ટ" ના મેરીટ બાબત

તાજેતરમાં મંડળ દ્વારા વર્ક આસીસટન્ટની જગાનું મેરીટ લિસ્ટ પ્રસિધ્ધ થયેલ છે જેમાં ભરતી નિયમોમાં જણાવેલ લાયકાત મુજબની લાયકાત ન હોવાને કારણે તેમજ કોમ્પ્યુટરની પરિક્ષામાં ઓછા માર્કસ હોવાને કારણે કેટલાક ઉમેદવારો નોકરીથી વંચીત રહી જવા પામેલ છે. આ બાબતે સરકારશ્રીએ નક્કી કરેલ પરિક્ષા પધ્ધતિનું મંડળે ખોટુ અર્થઘટન કરી ઉમેદવારને અન્યાય કર્યાનું જણાય છે. તેમજ ભરતી નિયમો પણ ક્ષતીભર્યા હોવાનું લાગે છે. જેથી જે કોઈને કુલ માર્કસ ૫૫ થી વધુ હોવાનું લાગતુ હોય તો તેમના માટે હાયર ઓથોરીટી સમક્ષ રજૂઆત કરવાની થતાં રસ ધરાવનાર ઉમેદવારે (જનરલ (મહિલા) SC, ST, SEBC, PH) દિન-૩ માં અગાઉથી મુલાકાતનો સમય મેળવી રૂબરૂ માર્ગદર્શન મેળવવા જણાવવામાં આવે છે.
લોર્ડ ક્રિશ્ના ટ્રસ્ટ દ્વારા જાહેર હિતાર્થે પ્રસ્તુત

**આર. એમ. પટેલ,** બ્લોક નં. સી-૧૦, શ્રીજીબાપા કોમ્પલેક્ષ, સ્વામીનારાયણ મંદિર સામે, બસ સ્ટેન્ડ પાસે, બેરેજ રોડ, વાસણા, અમદાવાદ. M. 9825743744

ગાંધીનગરમાં સૌ પ્રથમ વખત
(રાત્રી ખાણી પીણી) બજાર
ફ્રી એન્ટ્રી, ફ્રી પાર્કિંગ, ફ્રી વાઈફાઈની સુવિધા, બર્થ ડે સેલીબ્રેશન માટે વિશાળ જગ્યા ફ્રી
એકજ સ્થળ પર માણો ૫૦૦થી વધુ અવનવી વાનગીઓનો સ્વાદ.
આ કુપન સાથે લાવનારને ૧૦% ડિસ્કાઉન્ટ
આ કુપન ૭ દિવસ સુધી જ માન્ય ગણાશે.
સમય : સાંજે ૬.૦૦ થી શરૂ (પરમેનન્ટ ફ્રી એન્ટ્રી)
ઈન્ફોસીટી ક્લબ એન્ડ રીસોર્ટ, ઘ-૦, ગાંધીનગર.

ટચુકડી જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૯૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com